આવનારા સમયમાં ફરી એકવાર ભૂકંપથી હચમચી શકે છે ગુજરાત

સંશોધનમાં થયો ખુલાસો : વૈજ્ઞાનિકો સંશોધનના પરિણામો એક વર્ષ પછી સરકારને સોંપશે

રાજકોટ, તા.૧૩

છ વર્ષ સુધી ઉંડાણપૂર્વક સંશોધન કર્યા પછી કચ્છ યુનિવર્સિટીના આઠ વૈજ્ઞાનિકોએ જણાવ્યું છે કે, કચ્છમાં આગામી ૫૦થી ૧૦૦ વર્ષમાં ફરી એકવાર ધરતીકંપ આવશે જેની તીવ્રતા વર્ષ ૨૦૦૧માં આવેલા ધરતીકંપ કરતા ૩ ગણી વધારે હશે. વૈજ્ઞાનિકોના અનુમાન અનુસાર, શક્ય છે કે તે ભૂકંપને કારણે પહેલાની સરખામણીમાં અનેક ગણું વધારે નુકસાન થાય અને વર્ષો સુધી તેની અસર અર્થવ્યવસ્થા પર જોવા મળી શકે છે. ઉલ્લેખનીય છે કે કચ્છમાં પાંચ ફોલ્ટ લાઈન છે, જેમાંથી ૩ ફોલ્ટ લાઈન સૌથી વધારે સક્રિય છે જેના કારણે આગામી સમયમાં કચ્છમાં ધરતીકંપનું જોખમ ટોળાયેલું રહેશે. વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, આગામી ૫૦-૧૦૦ વર્ષોમાં ૬.૫ અથવા ૭ની તીવ્રતાનો એક ભૂકંપ આવી શકે છે. આ સંશોધન હજી એક વર્ષ પછી મંત્રાલયને સોંપવામાં આવશે. શોધનું તારણ GSDMA સહિતની ઓથોરિટીને મોકલવામાં આવશે જેથી તેઓ આખા રાજ્યને ધ્યાનમાં રાખીને એક પ્લાન તૈયાર કરી શકે. સંશોધનમાં કહેવામાં આવ્યું છે કે, કચ્છ જેવા વિસ્તારોમાં અમુક ફોલ્ટ લાઈન્સ હંમેશા સક્રિય હોય છે.

કોંગ્રેસ તૂટે છે : વધુ છ ધારાસભ્યો ભાજપમાં જોડાશે

ગુજરાતના રાજકારણના સૌથી મોટા સમાચાર : વિધાનસભા ચૂંટણી પહેલા ફરી એકવાર કોંગ્રેસ સૌરાષ્ટ્ર ઝોનમાંથી વધુ છ ધારાસભ્યો કેસરિયો ધારણ કરશે

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે તો બીજી તરફ નેતાઓની પાર્ટી બદલવાની મૌસમ પણ પુરબહારમાં ખિલી છે. સૌરાષ્ટ્ર ઝોનના ૬થી વધુ કોંગ્રેસના ધારાસભ્યો ભાજપમાં જોડાવાની તૈયારીઓ કરી રહ્યા હોવાની ચર્ચાએ ફરી એકવાર જોર પકડ્યુ છે. વિધાનસભા ચૂંટણી પહેલા સી.આર.પાટીલે ઓપરેશન કર્યું છે. જેમાં કોંગ્રેસના ૬ સ્ન્છએ ભાજપ પ્રમુખ પાટીલ સાથે બેઠક કરી છે. તો કોંગ્રેસના આ ૬માંથી ૩ ધારાસભ્યો સૌરાષ્ટ્રના છે. લલિત વસોયા, ચિરાગ કાલરિયા, હર્ષદ રિબડિયા, મહેશ પટેલ, સંજય સોલંકી અને ભાવેશ કટારાએ પાટીલ સાથે બેઠક કરી છે. તમામ ધારાસભ્યો ગમે તે સમયે કેસરિયા કરી શકે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ભાજપ હાઈકમાન્ડમાંથી લીલીઝંડી મળ્યા બાદ કેસરિયા કરશે. આ ૬ ધારાસભ્યો પ્રદેશ કોંગ્રેસ નેતાગીરીથી નારાજ હોવાનું જણાઈ રહ્યું છે.

હાલ આ ૬ ભાજપમાં જોડાવાની શક્યતાઓ વચ્ચે કોંગ્રેસના ધારાસભ્ય લલિત વસોયાએ ફ્ફ ન્યૂઝ સાથે ખાસ વાતચીત કરી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે, હાલ હું કોંગ્રેસમાં છું, આજની તારીખ સુધી કોંગ્રેસમાં છું. હાર્દિક પટેલ, જવાહર ચાવડા અને રાઘવજી પટેલનું ઉદાહરણ આપતા લલિત વસોયાએ કહ્યું હતું કે હું હાલ કોઈ નિવેદન આપીશ તો આવનારા સમયમાં પડકાર ઉભો થઈ શકે છે. સોશિયલ મીડિયામાં જૂની ક્લિપ વાયરલ થાય છે. અત્યારે કંઈ કહું તો હાર્દિક પટેલ જેવું થાય. ૬ ધારાસભ્યો ચિરાગ કાલરીયા - જામજોધપુર, હર્ષદ રીબડીયા - વિસાવદર, સંજયભાઈ સોલંકી - જંબુસર, મહેશ પટેલ - પાલનપુર, ભાવેશ કટારા - જાલોદ અને લલિત વસોયા - ધોરાજી ભાજપમાં જોડાઈ શકે છે તો બે પૂર્વ નેતા પણ ભાજપમાં જોડાશે

અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ અગાઉ કોંગ્રેસના બે પૂર્વ નેતા રાજુ પરમાર અને નરેશ રાવલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. આ બન્ને નેતાઓ ભાજપમાં જોડાય તે પહેલા ઁસ્ને મળ્યા છે. બંને નેતાઓ ૧૭ ઓગસ્ટે ભાજપમાં જોડાશે.

ગુજરાતના રાજકારણની વાત કરીએ તો છેલ્લી એક આખી પેઢી એવી આવી છે જેણે માત્ર તેમના જીવન દરમિયાન માત્ર એક જ પક્ષનું શાસન ગુજરાતમાં જોયું છે. કારણકે ૨૫ થી પણ વધુનો સમય પસાર થઈ ગયો જેમાં ગુજરાતમાં ભાજપનું એકહથ્થુ શાસન છે. ગુજરાતમાં ઘણાં વર્ષોથી દેશની સૌથી જુની પાર્ટી કોંગ્રેસની કારી ફાવી નથી. કોંગ્રેસે પ્રયાસો કર્યા હશે પણ જનતાની વચ્ચે વિશ્વસનીયતા પ્રસ્થાપિત કરવામાં સફળતા હાથ લાગતી નથી.

વાત વિધાનસભાની હોય, લોકસભાની હોય, નગરપાલિકાઓની કે તાલુકા જિલ્લા પંચાયતોની. ભાજપે જીતનો સપાટો બોલાવ્યો છે અને કોંગ્રેસને મોટેભાગે કારમી હાર પ્રાપ્ત થઈ છે. છેલ્લી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં એટલે કે ૨૦૧૭માં કોંગ્રેસે ફાઈટ આપી હતી ભાજપને અને ભાજપના પરિણામોને બે આંકડામાં લાવી દીધા હતા. પણ બેશક જીત તો જીત છે, ભાજપ ૯૯માં સમેટાયું પણ જીત મેળવી હતી. પણ ત્યારથી જનતાએ સતત પક્ષપલટાની મોસમ જ જોઈ છે.

વરસતાં વરસાદમાં વીજ શોકની અનેક ઘટનાઓ બને છે. એવા સમયે ઈલેકટ્રીક થાંભલાઓનું યોગ્ય મેઈન્ટેનન્સ કરવું જરૂરી બન્યુંછે. સેકટર-૨૮માં કાઈમ બ્રાન્ચની કચેરીની સામે વીજ થાંભલા પરની લાઈટ તો ગાયબ જ છે.. અને ઈલેકટ્રીક વાયરો પણ જોખમી રીતે ખુલ્લા લટકી રહયા છે.

પાવાગઢના ઈતિહાસમાં પહેલીવાર નિજ મંદિરમાં તિરંગો લહેરાયો

કાલિકા માતાની મંદિરમાં આરતી બાદ રાષ્ટ્રગાન ગવાયું : દેશ ભક્તિનો રંગ જોવા મળ્યો, સૌએ ઉપસ્થિત રહી ઐતિહાસિક ક્ષણને વધાવી

પંચમહાલ,તા.૧૩

હાલ આખું દેશ દેશભક્તિના રંગમાં રંગાયુ છે. હર ઘર તિરંગા અભિયાનમાં દરેક લોકો સામેલ થયા છે. આ અભિયાનમાં જોડાઈને ભારતની દરેક ઓફિસ, દરેક ઘર, વાહનો પર પણ તિરંગા લહેરાઈ રહ્યાં છે. ભારતીયો શાન અને ઉત્સાહથી તિરંગો લહેરાવી રહ્યાં છે. તો પછી મંદિરો અને ધર્મ સંસ્થાનો કેમ તેમાંથી બાકાત રહે. ધર્મ સંસ્થાનો પણ રાષ્ટ્રપ્રેમના રંગે રંગાયેલા જોવા મળ્યાં. આજથી હર ઘર તિરંગા અભિયાનનો પ્રારંભ થવા જઈ રહ્યો છે ત્યારે પવિત્ર યાત્રાધામ અને શક્તિપીઠ પાવાગઢ ખાતે પણ ઈતિહાસમાં પ્રથમ વખત મંદિર પરિસરમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો. પાવાગઢ ખાતે આ નજારો ખાસ બની રહ્યો. જ્યાં ધર્મ ભક્તિ અને રાષ્ટ્ર ભક્તિનો સમન્વય જોવા મળ્યો. પાવાગઢ મંદિરમાં ઐતિહાસિક ક્ષણ સર્જાઈ હતી. મંદિરના ઈતિહાસમાં પ્રથમ વખત કાલિકા માતાની મંદિરમાં આરતી બાદ રાષ્ટ્રગાન કરાયુ હતું. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત મંદિર ટ્રસ્ટીઓ અને ઉપસ્થિત માઈ ભક્તોએ રાષ્ટ્રગાન કર્યું હતું. નિજ મંદિરનું ગર્ભ ગૃહ રાષ્ટ્ર ભક્તિથી ગુંજી ઉઠ્યુ હતું. માતાજીના ગર્ભ ગૃહમાં જ પહેલા આરતી કરાઈ હતી, અને બાદમાં રાષ્ટ્રગાન કરાયુ હતું. નિજ મંદિરમાં પહેલીવાર રાષ્ટ્રધ્વજ લહેરાવાયો હતો. ભક્તોમાં પણ રાષ્ટ્રભક્તિનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ ક્ષણે ભારતને વિશ્વગુરુ બનાવવા માઈ ભક્તો દ્વારા પ્રાર્થના કરાઈ હતી. પાવાગઢ નિજ મંદિરમાં દેશભક્તિનો રંગ જોવા મળ્યો. મંદિર ટ્રસ્ટીઓ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહી આ ઐતિહાસિક ક્ષણને વધાવી હતી. મા મહાકાળીના સાંનિધ્યમાં દેશભક્તિનું વાતાવરણ સર્જાયું.

ગાંધીનગરમાં સ્કૂલ ઓફ ડ્રોનનું મુખ્યમંત્રી દ્વારા ઉદ્ઘાટન કરાયું

રાજ્ય સરકાર દ્વારા આધુનિક ટેક્નોલોજીકલ સ્કિલ શીખવવા માટે અભ્યાસક્રમો શરૂ કરવા જરૂરી બન્યા છે

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ગાંધીનગર ખાતેથી કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટી હેઠળ સીએમ ભૂપેન્દ્ર પટેલના હસ્તે સ્કૂલ ઓફ ડ્રોન વિદ્યાશાખાનો પ્રારંભ કરવામાં આવ્યો.આ પ્રસંગે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર પ્રધાન બ્રિજેશ મેરજા તથા આરોગ્યપ્રધાન ઋષિકેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સીએમ ભૂપેન્દ્ર પટેલે સંબોધન કરતા જણાવ્યું કે ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યુ છે. ગ્રોથ એન્જિન ત્યારે કહેવાય જ્યારે દરેક ક્ષેત્રે વિકાસ સારી રીતે થયો હોય. દરેક ક્ષેત્રે ટેક્નોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે, છેવાડાના માનવી સુધી ટેક્નોલોજી પહોંચે તેવો પ્રયાસ થઈ રહ્યા છે. સ્ટાર્ટઅપમાં ગુજરાત નંબર વન આવે છે તેમ જણાવ્યું હતું, વધુમાં જણાવ્યું આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત હર ઘર તિરંગાનું જે આહ્વાન કર્યુ છે તે અંતર્ગત ગુજરાત આગળ વધ્યુ છે. પોતાનું ઘર અને વ્યવસાયના સ્થાને એક એક તિરંગો લગાવીએ. સૌ આ અભિયાનમાં જોડાય તેવી અપીલ કરી હતી. સ્કૂલ ઓફ ડ્રોન ક્ષેત્રે તાલીમ મેળવ્યા બાદ એગ્રીકલ્ચર, લેન્ડ સર્વેયિંગ, ડીઝાસ્ટર, ગુના સંશોધન, એરિયલ ફોટોગ્રાફી તથા વિડીયોગ્રાફી, વિજીલન્સ મોનીટરીંગ, સંરક્ષણ જેવા વિવિધ ક્ષેત્રોમાં ભારતના યુવાધનને વિપુલ પ્રમાણમાં રોજગારી તથા સ્વ-રોજગારીની તકોનું સર્જન થશે. ડ્રોન ટેકનોલોજીની જરૂરિયાત ગામડાઓમાં પણ રહેલી છે. ખાસ કરીને કૃષિ ક્ષેત્રે તેની ખુબ જરૂરિયાત રહેલી છે.

૨૪ કલાકમાં કોરોનાના નવા ૫૬૫ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૩

રાજ્યમાં દરરોજ કોરોના કેસમાં વધઘટ જોવા મળી રહી છે. સાવચેતી નહીં રાખો તો હજુ આ અંકડો વધી પણ શકે છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૫૬૫ કેસ નોંધાયા છે. જ્યારે કોરોના સંક્રમણથી ૮૯૧ દર્દીઓ સાજા થયા છે. ત્યારે રાજ્યમાં કોરોનાથી આજે ત્રણ દર્દીનું મોત થયા છે. આ સાથે કોરોનાનો રિકવરી રેટ ૯૮.૮૦ટકા થઈ ગયો છે. રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગતો જોઈએ તો રાજ્યમાં હાલ ૪૨૦૫ એક્ટિવ કેસ છે. જેમાંથી ૧૮ દર્દી વેન્ટિલેટર પર છે. જ્યારે ૪૧૮૭ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોનાને અત્યાર સુધીમાં કુલ ૧૨,૪૯,૬૫૯ દર્દીઓ મ્હાત આપી ચુક્યા છે. જ્યારે રાજ્યમાં કોરોના વાયરસને કારણે કુલ ૧૦,૯૯૦ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જોકે, જિલ્લા અને કોર્પોરેશન મુજબ કોરોના કેસની વાત કરવામાં આવે તો અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૧૯૧ કેસ નોંધાયા છે. જો રસીકરણની વાત કરવામાં આવે તો રાજ્યમાં આજે સાંજે ૫ વાગ્યા સુધીમાં કુલ ૨,૮૯,૫૪૬ લોકોને રસીના ડોઝ આપવામાં આવ્યા છે. રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૯૯૬ ને રસીનો પ્રથમ અને ૪૬૮૧ લોકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. ૧૫-૧૭ વર્ષના લોકો પૈકી ૪૩૪ ને રસીનો પ્રથમ અને ૪૩૬ ને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

કડીમાં તિરંગા યાત્રા દરમિયાન

રખડતી ગાયે પૂર્વ ડેપ્યુટી સીએમ નીતિન પટેલને હડફેટે લીધા

ભાજપના નેતાને પગના ઢીંચણમાં ઈજા થતા તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા

કડી , તા.૧૩

રાજ્યમાં ઠેર ઠેર હાલ તિરંગા રેલીનું આયોજન થઈ રહ્યુ છે. આ દરમિયાન મહેસાણાના કડી વિસ્તારમાં પણ તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યુ છે. સાથે જ પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ તિરંગા રેલીમાં ઉપસ્થિત રહ્યા હતા. આ રેલી કરણપુર શાક માર્કેટ પાસે પહોંચી હતી. ત્યારે અહીં કેટલીક રખડતી ગાયો પણ નજરે પડી હતી. જેમાંથી એક રખડતી ગાયે નીતિન પટેલને અડફેટે લીધા હતા.

જે બાદ તેઓને પગના ઢીંચણમાં ઈજા પહોંચી હતી. એ પછી તાત્કાલિક ધોરણે નીતિન પટેલને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જે બાદ અહીં સમગ્ર વિસ્તારમાં અફરા તફરી મચી ગઈ હતી. થોડી વાર માટે તિરંગા રેલી સ્થગિત થઈ ગઈ હતી. જો કે, ગાયે અડફેટે લેતા નીતિન પટેલને પગના ઢીંચણના ભાગે ઈજા પહોંચી હતી. એટલે તેઓને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જો કે, ઈજાગ્રસ્ત નીતિન પટેલને કડીથી ભાગ્યોદય હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. હાલ તેમની તબિયત કેવી છે એ રિપોર્ટ હજુ સુધી સામે આવ્યો નથી. પણ તેમની તબિયત સ્થિર હોવાનું જણાઈ રહ્યું છે. એવા પણ રિપોર્ટ સામે આવ્યા છે કે, હોસ્પિટલમાં તેઓને સારવાર આપ્યા બાદ રજા આપી દેવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતા સ્થાનિક આગેવાનો પણ તરત હોસ્પિટલે પહોંચ્યા હતા અને ખબર અંતર પૂછ્યા હતા.

છાંટણા વરસ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે છાંટણા વરસાવ્યા બાદ વરસાદ અટકી ગયો હતો જો કે આજે વરસાદના વિરામ બાદ દિવસ દરમિયાન ઉઘાડ નિકળતા નગરજનોએ ઉકળાટના અનુભવ કર્યો હતો. શહેરમાં બે ઈંચ વરસાદના લીધે સેકટરોમાં ઠેર ઠેર કાદવ કિચ્ચડ વચ્ચે વરસાદી સમસ્યાઓએ વધુ જટીલ સ્વરૂપ ધારણ કર્યુ છે. સેકટરોમાં ભીંજારના મોહોલ વચ્ચે મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ વધી ગયો છે. માર્ગો પણ ઉબડ ખાબડ બન્યા છે. ઠેર ઠેર ગાબડા અને ખાડા ટેકરાની સ્થિતિ વચ્ચે માટી પોલાણની સમસ્યાથી પણ જોખમી દ્રશ્યો સર્જાયા છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૫૦૩ મી મી વરસાદ નોંધાયો છે. શહેરમાં સિઝનના સરેરાશ વરસાદની સાપેક્ષમાં અત્યાર સુધી શહેરમાં ૬૨ ટકા જેટલો વરસાદ થઈ ગયો છે. શહેર ઉપરાંત જિલ્લામાં પણ મેઘ મહેર થતા ખેડુતોમાં પણ વાવણી લાયક વરસાદથી સંતોષની લાગણી વ્યાપી છે. હવામાન તજજ્ઞોનાના મતે હજુ ઓગષ્ટ મહીનાના બાકીના દિવસોમાં પણ શહેરમાં વરસાદી ઝાપટા વરસતા રહેશે.

પેટર્નમાં બદલાવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં ૧૩મીની સવારના છ વાગ્યા સુધીમાં દહેગામમાં ૫૩૩ મી.મી., ગાંધીનગરમાં ૩૮૪ મી.મી., કલોલમાં ૫૭૩ મી.મી. અને માણસામાં ૪૯૬ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં આ વખતે વરસાદી દિવસોમાં વધારો થયો છે અને વસાદ પણ સારો નોંધાયો છે જો કે આટલા સારા વરસાદ પછી હજુ સાબરમતી નદી બે કાંઠે વહેતી જોવા મળી નથી કે સે. ૧ નું તળાવ પણ હજુ ભરાયુ નથી એ કડવી વાસ્તવિકતા છે.

સમાધાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેસમાં રૂ ૮૦ લાખ અને અન્ય એક ઇન્શ્યુરન્સના કેસમાં રૂ ૭૫ લાખમાં સમાધાનની પ્રક્રીયા હાથ ધરી ચેકની રકમ પણ આપવામાં આવી હતી. જયારે આ દરમિયાન ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળના કાર્યકારી અધ્યક્ષ સોનિયાબેન ગોકાણીના હસ્તે અરજદારોને સમાધાનમાં નક્કી કરેલી રકમનો ચેક આપવામાં આવ્યો હતો. આ દરમિયાન કાર્યકારી અધ્યક્ષ સોનિયાબેન ગોકાણીએ ઇન્સ્યુરન્સ કંપનીના અધિકારીઓના મૃત્યુના કેસમાં કાનુની સેવા સત્તા મંડળના સહકારથી કસોનુ ઝડપથી નિરાકરણ આવે તેવા પ્રયત્નો કરવા માટે પમ સુચન કરવામાં આવ્યુ હતુ. વીમા કંપનીના વકીલો એમ એસ સી પી બારના વકીલો તેમજ ગુજરાત બાર કાઉન્સિલના સભ્ય શંકરસિંહ એસ ગોહીલે પણ હાજરી આપી હતી.

અસંતોષ

● અનુસંધાન પહેલાનું ચાલુ

થશે? જોકે રસપ્રદ વાત એ પણ છે કે સંજયે ૧૦ મિનિટ બાદ જ આ ટ્વિટ ડીલિટ કર્યું છે

પરંતુ મહારાષ્ટ્રના રાજકીય ગલિયારાના તજજ્ઞોના મતે મંત્રીમંડળમાં સ્થાન ન મળતા અંદાજે ૧૦ બળવાખરો ધારાસભ્યો શિંદેથી હવે નારાજ છે અને પડદા પાછળ મહારાષ્ટ્રમાં હજી પણ કઈક રાજકીય ખેલ રચાઈ રહ્યો છે.

સ્થિતિ સ્થિર

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજુ શ્રીવાસ્તવના પરિવારે શુક્રવારે રાત્રે પણ એક પોસ્ટ મૂકીને તેમની હેલ્થ અપડેટ આપી હતી. તેમણે લખ્યું હતું, "રાજુ શ્રીવાસ્તવજીની તબિયત સ્થિર છે. અમે તેઓ જલ્દી સાજા થાય તેવી પ્રાર્થના કરી રહ્યા છીએ. ડૉક્ટરોની ટીમ પૂરતી જવાબદારી સાથે તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખી રહી છે. સૌ શુભચિંતકોનો નિરંતર પ્રેમ અને સમર્થન બદલ આભાર. તમને સૌને અપીલ છે કે અફવાઓ અને ખોટી ખબરો પર ધ્યાન ના આપો. તેમના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરો."

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા

ન્યુ જર્સી ખાતે ભારતની આઝાદીના અમૃત મહોત્સવની ભવ્ય ઉજવણી

શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ અંતર્ગત અમેરિકાના ન્યુ જર્સી ખાતેના લિબર્ટી સ્ટેટ પાર્ક, ફ્લેગ પ્લાઝા ખાતે ભારતની આઝાદીના અમૃત મહોત્વની ભવ્ય ઉજવણી શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામી મહારાજના અધ્યક્ષ સ્થાને યુ.એસ.એ. મુક્તજીવન સ્વામી બાપા પાઈપ બેન્ડની સુમધુર સુરાવલીઓ સાથે કરવામાં આવી હતી. શ્રી સ્વામિનારાયણ ગાદીના પંચમ વારસદાર વેદરત્ન આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજના અસ્થિ કળશની પુષ્પાજંલી માટે ગવર્નર ફીલ મર્ફી, કોંગ્રેસમેન બિલ પાસકેલ અને લિબર્ટી પાર્કના પ્રતિનિધિઓ સાથે વરિષ્ઠ સંત મંડળ તથા હરિભક્તો પણ મોટા સમુદાયમાં ઉપસ્થિત રહ્યા હતાં. અસ્થિ કળશનું ન્યુ યોર્ક સિટી સ્કાયલાઈન અને ન્યૂ જર્સી ગોલ્ડન કોસ્ટની પૃષ્ઠભૂમિ સાથે સ્ટેચ્યુ ઓફ લિબર્ટી પાસે હડસન નદીમાં વિસર્જન કરાયું હતું. શાંતિના પ્રતિક અને પ્રેમનાં સંદેશા માટે સુંદર સફેદ કબૂતર છોડવામાં આવ્યાં હતા.

ગિફ્ટ સીટી ખાતે આકાર પામવા જઈ રહેલા શહેરી આવાસીય પ્રોજેકટનું ભવિષ્ય દર્શન

અમદાવાદ, તા.૧૩

ગુજરાતમાં યોજાયેલા આ પ્રકારના સૌપ્રથમ કાર્યક્રમમાં નિલા સ્પેસીસ લિમિટેડ દ્વારા ગાંધીનગરમાં આવેલી ગિફ્ટ સીટી ખાતે નિર્માણ પામવા જઈ રહેલા તેના આગામી આવાસીય પ્રોજેક્ટનું વર્ચ્યુઅલ રીયાલીટી પ્લેટફોર્મ ઉપર અનાવરણ કર્યું હતું. ગ્લોબલ ફાઈનાન્સિયલ હલ બનવા જઈ રહેલા ગિફ્ટ સીટી (ગાંધીનગર) ખાતે આકાર પામવા જઈ રહેલું આ સમકાલીન અને વૈભવી આવાસીય કોમ્પ્લેક્સ આધુનિક ઘરો અને શહેરી જીવન શૈલીને એક નવા સ્તરે લઈ જશે. મોકળાશભર્યા ઘરોની સાથે જોડાયેલી અત્યાધુનિક સુવિધાઓ, સુઆયોજિત કમ્યુનિટી સ્પેસીસ ધરાવતો આ આગામી પ્રોજેક્ટ વિકાસના માર્ગે અગ્રેસર હોય તેવા વ્યાવસાયિકોની આવાસીય જરૂરિયાતોને અનુરૂપ છે.

નિલા સ્પેસીસ લિમિટેડ એ એક પ્રગતિશીલ રીયલ એસ્ટેટ ફર્મ છે. જે આધુનિક શહેરી વ્યાવસાયિકો અને ઉદ્યોગ સાહસિકોની આવાસીય જરૂરિયાતોને પૂરી કરે છે. પોતાના સંભવિત ક્લાયેન્ટ્સને ફકત પ્લાન અને લેઆઉટ દર્શાવવાને બદલે નિલા સ્પેસીસ લિમિટેડે બે ડગલાં આગળ વધીને તેમના આગામી પ્રોજેક્ટને રજૂ કરવા માટે વર્ચ્યુઅલ રીયાલિટી ટેકનોલોજીનો સહારો લીધો હતો. જેથી કરીને સંભવિત યુવા ગ્રાહકો સમક્ષ આ આવાસીય કોમ્પલેક્સ અને તેની કમ્યુનિટી સ્પેસસીસ ખાતે નિર્માણ પામવા જઈ રહેલા લાઈફ સ્ટાઈલ એપાર્ટમેન્ટનો ૩૬૦ ડિગ્રી વ્યુ રજૂ કરીશકાય. આ પ્રોજેક્ટનો સંપૂર્ણ થ્રીડી અનુભવ પૂરો પાડી શકાય તે માટે કાર્યક્રમના સ્થળને વિશિષ્ટ રીતે તૈયાર કરવામાં આવ્યું હતું. વર્ચ્યુઅલ સ્પેસીસના સહ સ્થાપક અને સીઈઓ હેમંત વેલુરીએ જણાવ્યું હતું કે, ભારતમાં રીયલ એસ્ટેટ એ પરંપરાગત રીતે કૌટુંબિક માલિકીનો બિઝનેસ રહયો છે. આ કુટુંબોની બીજી પેઢી વિદેશમાં ભણી છે અને હવે તેઓ પ્રથમ પેઢી પાસેથી તેમના કૌટુંબિક વ્યવસાયને પોતાના હાથમાં લઈ રહી છે. વળી, તેઓ આ ક્ષેત્રમાં નવી ટેકનોલોજીને અપનાવવા માટે કટિબધ્ધ હોય તેમ જણાઈ રહયું છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧